# આપણી વાત

**સંપાદક : પ્રફુલ્લ રાવલ**

■ ગુજરાતી સાહિત્ય પરિષદ-સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર અંતર્ગત ‘વિવેચનના વિવિધ અભિગમો : કૃતિ સંદર્ભે’ વિશે ૯ જુલાઈના રોજ સવારે ડૉ. સિતાંશુ યશશ્ચંદ્રએ ‘મનોવૈજ્ઞાનિક અભિગમ : કેટલીક સાહિત્યિક કૃતિઓના સંદર્ભે’ વિષય પર પહેલું વ્યાખ્યાન ગોવર્ધનસ્મૃતિ મંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદમાં આપ્યું હતું. સિતાંશુ યશશ્ચંદ્રે કહ્યું હતું કે, આ વ્યાખ્યાનશ્રેણી સાહિત્ય-વિવેચનના અભિગમનાં ત્રણ અંગો સ્વરૂપ, સંરચના અને તેના પ્રયોગ અંગેની છે. સાહિત્યના પ્રયોગો અંતે સાહિત્યિક કૃતિ સાથે સંકળાયેલા હોય છે. સાહિત્યકૃતિનો મૂળ આધાર લઈને કૃતિનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરવામાં આવતું હોય છે. સાહિત્યકાર જે લખે છે તેની કૃતિમાં વિવિધ પાત્રો ઉપરાંત વિવિધ પ્રતીકોનો પણ સમાવેશ થતો હોય છે. પાત્રની લાગણી અને પીડાને વ્યક્ત કરવા માટે સર્જક સર્જન કરે છે. વ્યક્તિના ગમા-અણગમાથી સાહિત્યમાં ઘણા ફેરફારો થતા હોય છે. આ રીતે તેમણે મનોવૈજ્ઞાનિકો ફ્રૉઇડ વગેરેના અભિગમો લઈને કેટલીક સાહિત્યકૃતિની ચર્ચા કરી હતી. જેમાં પ્રેમાનંદના ‘સુદામાચરિત્ર’ની વિગતે ચર્ચા કરીને મનોવૈજ્ઞાનિક અભિગમ સમજાવ્યો હતો. આ સેમિનારમાં વિવિધ કૉલેજના અધ્યાપકો અને ૧૨૦થી વધારે વિદ્યાર્થીઓએ તેમજ સ્થાનિક સાહિત્યરસિકો અને સાહિત્યકારોએ ભાગ લીધો હતો. મહામંત્રી શ્રી પ્રફુલ્લ રાવલે સૌનું સ્વાગત કર્યું હતું. શ્રી ક. લા. સ્વાધ્યાય મંદિરનાં કાર્યકારી નિયામક શ્રી પારુલ કંદર્પ દેસાઈએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. આ કાર્યક્રમમાં સૌને રસ પડ્યો હતો.

■ ૧૭ જુલાઈએ બપોરે ૩-૦૦ વાગે ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત બહેનો માટેની એનીબહેન સરૈયા લેખનશાળા સાહિત્ય પરિષદમાં યોજવામાં આવી હતી. ૨૫ બહેનોમાંથી ૧૫ બહેનોએ અપ્રકાશિત કૃતિઓનું વાચન કર્યું હતું. જેમાં ગઝલ, અછાંદસ, લઘુકથા, ટૂંકી વાર્તા, ગીત, ગરબો વગેરે વિવિધ સાહિત્યપ્રકારોનો સમાવેશ થાય છે. વંચાયેલ કૃતિની ચર્ચા પછી શ્રી ધીરુબહેન પટેલ અને શ્રી અનિલા દલાલનું માર્ગદર્શન દિશાસૂચક રહ્યું. આગામી બેઠકમાં બહેનો તેમને ગમતું પુસ્તક વાંચીને એના વિશે વાત કરે તેમજ નક્કી થયેલા વિષય પર કોઈ પણ સ્વરૂપમાં સર્જન કરે – એવું ગૃહકાર્ય પણ સોંપાયું. સંચાલન શ્રી પારુલ કંદર્પ દેસાઈ અને ગિરિમા ઘારેખાને કર્યું હતું.

■ ૨૧મી જુલાઈએ ઉમાશંકર જોશીની ૧૦૮મી જન્મજયંતી હતી. એ નિમિત્તે ગુજરાતી સાહિત્ય પરિષદ-સંચાલિત શ્રી ચી. મ. ગ્રંથાલયમાં ૧૭ જુલાઈથી ૨૧ જુલાઈ દરમિયાન તેમનાં ૧૦૮ પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પુસ્તક-પ્રદર્શનમાં ઉમાશંકર જોશીલિખિત ૬૫ પુસ્તકો તેમજ તેમના વિશે લખાયેલાં ૫૪ પુસ્તકો, ઉપરાંત તેમના અવસાન પછીના તેમના વિશેનાં ૧૧ જેટલાં સંપાદનો પણ મૂકવામાં આવ્યાં હતાં. આ

પ્રસંગે પરિષદના ગ્રંથાલયમંત્રી પરીક્ષિત જોશીએ ઉમાશંકર જોશીના સર્જન વિશે વાત કરી હતી. જેમાં ઉમાશંકર જોશીની કવિતામાં વિશ્વમાનવી બનવાની ગતિ છે. 'ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા' જેવા લોકપ્રિય ગીતનું ગાન ચી. મ. ગ્રંથાલયના ગ્રંથપાલ ગંગારામ વાઘેલાએ કર્યું હતું. ચી. મ. ગ્રંથાલયના કર્મચારી શ્રી દીપ્તિ શાહે ઉમાશંકર જોશીના સંપાદનો - અનુવાદ વિશે વાત કરી હતી. આ પ્રદર્શન સવારે ૧૧-૦૦થી સાંજે ૬-૦૦ સુધી પરિષદના ગ્રંથાલયમાં યોજાયું હતું.

■ રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ અંતર્ગત તા. ૧૧ જુલાઈના રોજ સાંજે ૬-૦૦ કલાકે શ્રી અનિલા દલાલે 'રવીન્દ્રનાથનાં નાટકો 'અચલાયતન' અને 'તાશેર દેશ' વિશે ગોવર્ધનભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદમાં વ્યાખ્યાન આપ્યું હતું.

■ ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ચી. મ. ગ્રંથાલય આયોજીત તા. ૧૭-૭-૨૦૧૮ દરમિયાન ઉમાશંકર જોશીની ૨૧મી જુલાઈએ ૧૦૮મી જન્મજયંતી હતી. આ ૧૦૮મી જન્મજયંતિ નિમિત્તે શ્રી ચી. મ. ગ્રંથાલયમાં તેમના ૧૦૮ પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. પુસ્તક પ્રદર્શનમાં ઉમાશંકર જોશીલિખિત ૬૫ પુસ્તકો તેમજ તેમના વિશે લખાયેલા ૫૪ પુસ્તકો, ઉપરાંત તેમના અવસાન પછીના તેમના વિશેના ૧૧ જેટલાં સંપાદનો પણ મૂકવામાં આવ્યા હતા. આ પ્રસંગે પરિષદના ગ્રંથાલયમંત્રી પરીક્ષિત જોશીએ ઉમાશંકર જોશીના સર્જન વિશે વાત કરી હતી. જેમાં ઉમાશંકર જોશીની કવિતામાં વિશ્વમાનવી બનવાની ગતિ છે 'વ્યક્તિ મટી બનું વિશ્વમાનવી, માથે ધરું મૂળ વસુધરાંની' વાત પણ તેમણે કરી હતી. 'ભોમિયા વિના મારે ભમવા 'તા ડુંગરા', જેવા લોકપ્રિય ગીતનું ગાન ગ્રંથપાલ ગંગારામ વાઘેલાએ કર્યું હતું. ચી. મ. ગ્રંથાલયના કર્મચારી શ્રી દીપ્તિ શાહે ઉમાશંકર જોશીના સંપાદનો અને અનુવાદ વિશે વાત કરી હતી. આ પ્રદર્શન સવારે ૧૧-૦૦ થી સાંજે ૬-૦૦ સુધી પરિષદના ગ્રંથાલયમાં યોજાયું હતું.

■ શ્રી માધવ રામાનુજ, શ્રી પ્રફુલ્લ રાવલ, શ્રી રાજેન્દ્ર પટેલ, શ્રી અનિલાબેન દલાલ, શ્રી રૂપાબેન શેઠ સહિત અગ્રણી સાહિત્યકારો ઉપસ્થિત રહ્યાં હતાં. આ ઉફરાંત ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર તેમજ નવગુજરાત સમયના પત્રકારોએ પણ રસ લઈને ઉમળકાભેર તેની નોંધ લીધી હતી. રોજિંદા વાચકો, વિદ્યાર્થીઓ અને સાહિત્યકારોએ પણ સહકાર આપી પ્રદર્શનને આવકાર્યું હતું.

■ રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ અંતર્ગત તા. ૧૧-૭-૨૦૧૮ના રોજ સાંજે ૬-૦૦ કલાકે શ્રી અનિલા દલાલે રવીન્દ્રનાથના નાટકો 'અચલાયતન' અને 'તાશેર દેશ' વિશે ગોવર્ધનભવન ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદમાં વ્યાખ્યાન આપ્યું હતું.

■ તા. ૧૬ ઑગસ્ટથી ૨૫ ઑગસ્ટ દરમ્યાન કવિશ્રી નર્મદની જન્મજયંતી નિમિત્તે નર્મદ-દલપતનાં (સુધારક યુગ) પુસ્તકોનું પ્રદર્શન શ્રી ચી. મં. ગ્રંથાલયમાં યોજાશે.

❑